ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/ ૨૦૧૩ ક/ ૫૬૪૪-૬૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા.૮/૦૯/૨૦૧૩

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણ સમિતિ (તમામ)

વિષયઃ- મદદનીશ શિક્ષણ નિરીક્ષક (શિક્ષણ) ની ખાલીનો ચાર્જ સોંપવા બાબત.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યમાં મોટા ભાગના મદદનીશ શિક્ષણ નિરીક્ષકો એક થી વધારે બીટના મદદનીશ શિક્ષણ નિરીક્ષક (વહીવટ) નો ચાર્જ સંભાળે છે. જેના કારણે શાળાઓમાં શૈક્ષણિક નિરીક્ષણ/માર્ગદર્શનની કામગીરી યોગ્ય રીતે થઈ શકતી નથી અને તેની સીધી અસર શિક્ષણની ગુણવત્તા ઉપર પડે છે.

મદદનીશ શિક્ષણ નિરીક્ષકના ભરતી નિયમો સુધારવાની પ્રક્રિયા ચાલુ હોઈ, નવી નિમણૂંકોથી હાલ મદદનીશ શિક્ષણ નિરીક્ષકની જગ્યાઓ ભરવામાં વિલંબ થાય તેમ છે. ગત વર્ષે રાજ્યના દરેક તાલુકામાં હેડટીચરની નિમણૂંક કરવામાં આવેલ છે. આથી જાહેર હિતમાં મદદનીશ શિક્ષણ નિરીક્ષકની જગ્યાઓ ઉપર નિમણૂંક ન થાય ત્યાં સુધી મદદનીશ શિક્ષણ નિરીક્ષક (શિક્ષણ) ની ખાલી જગ્યાઓનો વધારાનો હવાલો આપના જિલ્લામાં સીધી ભરતીથી નિમાયેલ હેડટીચરને નીચેની સુચનાઓ ધ્યાન લઈ સોંપવા આથી સુચના આપવામાં આવે છે.

(૧) માત્ર મદદનીશ શિક્ષણ નિરીક્ષક (શિક્ષણ)ની ખાલી જગ્યાઓનો ચાર્જ હેડટીચરને આપી શકાશે.
(૨) હેડટીચર જે તાલુકામાં ફરજ બજાવતા હોય તે જ તાલુકાનો ચાર્જ આપવાનો રહેશે.
(૩) ચાર્જ આપતી વખતે હેડટીચરને તાલુકાની શ્રેયાનતા અને કાર્યક્ષમતાને ધ્યાને લેવાના રહેશે.
(૪) મદદનીશ શિક્ષણ નિરીક્ષક (વહીવટ)ની કામગીરી સીધી ભરતી/બઢતીથી નિમણૂંક પામેલ અને ફરજ બજાવતા અને હાલ કામ કરતા મદદનીશ શિક્ષણ નિરીક્ષક પાસેથી લેવાની રહેશે.
(૫) હેડટીચરે પોતાની હાલની ફરજો ઉપરાંત વધારાની મદદનીશ શિક્ષણ નિરીક્ષક (શિક્ષણ)ની કામગીરી કરવાની રહેશે. તેઓએ અઠવાડિયામાં વધુમાં વધુ બે દિવસ ફેરણીની કામગીરી કરવાની રહેશે.
(૬) જિલ્લાની બીટની કોઈપણ જગ્યા ખાલી ન રહે તે રીતે ચાર્જ સોંપવાની વ્યવસ્થા કરવાની રહેશે.

ઉપરોકત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરી આપના જિલ્લામાં સીધી ભરતી/બઢતીથી નિમાયેલ હેડટીચરને મદદનીશ શિક્ષણ નિરીક્ષક (શિક્ષણ)નો વધારાનો ચાર્જ સોંપવા અંગેની કામગીરી તાત્કાલિક હાથ ધરશો.

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર